# પશુપાલન તથા પ્રાણી કલ્યાણ જાગૃતિ માસ-૨૦૨૬ અંતર્ગત તા. ૧૧/૦૨/૨૦૨૬ના રોજ ડીસામાં નિઃશુલ્ક શ્વાન રેબીઝ રસીકરણ કેમ્પનું સફળ આયોજન

પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, સરદારકૃષિનગરના નેજા હેઠળ પશુપાલન તથા પ્રાણી કલ્યાણ જાગૃતિ માસ-૨૦૨૬ અંતર્ગત ડૉ. વી. એમ. ઝાલા ક્લિનિકલ કોમ્પ્લેક્ષ, ડીસા (સી.સી.ડી.), કામધેનુ યુનિવર્સિટી, ડીસા ખાતે તા. ૧૧/૦૨/૨૦૨૬ના રોજ શ્વાનો માટે એક "નિઃશુલ્ક શ્વાન રેબીઝ વિરોધી રસીકરણ, કૃમિનાશન તથા સામાન્ય આરોગ્ય તપાસ" કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો ઔપચારિક શુભારંભ પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, સરદારકૃષિનગરના આચાર્ય ડૉ. એચ. સી. ચૌહાણના અધ્યક્ષસ્થાને દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. આ અવસરે ડૉ. પી. વી. પરીખ (પ્રાધ્યાપક અને વડા, વી.સી.સી. વિભાગ), ડૉ. પી. બી. પટેલ (પ્રાધ્યાપક અને વડા, સર્જરી વિભાગ) તેમજ ડૉ. એન. એફ. ચૌધરી (આચાર્ય, પોલીટેકનિક ઇન એનિમલ હસ્બન્ડ્રી, ડીસા) વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ નિઃશુલ્ક કેમ્પમાં પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયના વિવિધ વિભાગોના તજજ્ઞો દ્વારા શ્વાનોનું રેબીઝ વિરોધી રસીકરણ, કૃમિનાશન (ડીવોર્મિંગના ડોઝ) તથા સામાન્ય આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. સાથે સાથે પાલતુ પ્રાણીઓના સંરક્ષણ, યોગ્ય સંભાળ તથા રોગ નિવારણ અંગે શ્વાનપાલકોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કેમ્પ દરમિયાન કુલ ૫૨ શ્વાનો તથા ૧૩ બિલાડીઓનું રસીકરણ અને ડીવોર્મિંગ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડૉ. પી. વી. પરીખ, ડૉ. પી. બી. પટેલ, ડૉ. એ. એન. સુથાર, ડૉ. ડી. એન. સુથાર, ડૉ. એન. એફ. ચૌધરી, ડૉ. ટી. વી. સુતરિયા, ડૉ. ડી. વી. પરમાર તથા ડૉ. કિશન ફટાણિયા સહિતના પશુચિકિત્સકો દ્વારા પોતાની નિષ્ણાત સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. કેમ્પના સફળ આયોજનમાં વેટરનરી કોલેજના અન્ડરગ્રેજ્યુએટ તથા પોસ્ટગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ તેમજ રેસિડેન્ટ ડોક્ટરોનો નોંધપાત્ર સહયોગ પ્રાપ્ત થયો હતો. આ પ્રકારના કેમ્પો દ્વારા પ્રાણી કલ્યાણ, રેબીઝ નિયંત્રણ તથા જાહેર આરોગ્ય સુરક્ષા અંગે સમાજમાં જાગૃતિ વધે છે અને કામધેનુ યુનિવર્સિટીની સમાજલક્ષી સેવાઓને વધુ મજબૂતી મળે છે.

## શ્વાન રેબીઝ વિરોધી રસીકરણ, કૃમિનાશન તથા સામાન્ય આરોગ્ય તપાસ કેમ્પની ઝાંખી






















| | |
|---|---|
|  |  |
| | |